IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# હેમચંદ્રાચાર્યનો રાજા સિધ્ધરાજ અને કુમારપાળ પર પ્રભાવ

**ડૉ.પારસ એન.ખમાર**

**શ્રી બી. ડી. એસ આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ,પાટણ(ઉ.ગુ)**

ગુજરાતના ઈતિહાસમાં સુખ, સમૃદ્િધ અને સંસ્કારીતાનો યુગ એટલે સોલંકી યુગ. આ યુગમાં મૂળરાજ, ભીમ, કર્ણ, સિધ્ધરાજ, કુમારપાળ એમ એક પછી એક પરાક્રમી રાજાઓ રાજ્ય કરી ગયા. આ સુવર્ણયુગને એની પરાકાષ્ઠાએ પહોંચાડનાર એટલે સિધ્ધરાજ અને કુમારપાળ હતા અને આ બંને રાજવીઓને મહાન બનાવનાર કલિકાલ સર્વજ્ઞ યુગ પ્રવર્તક હેમચંદ્રાચાર્ય હતા. હેમચંદ્રાચાર્ય ન હોત તો આ બંને રાજવી જેટલી કીર્તિ પામી શક્યા તેટલી પામી શક્યા ન હોત. તો સાથે સાથે તત્કાલીન ગુજરાતી પ્રજા અને એ પ્રજાના ભાષા અને સાહિત્ય આટલા સમૃદ્ધ ન હોત.

**હેમચંદ્રાચાર્ય :-** હેમચંદ્રાચાર્ય નો જન્મ સંવત 1145 માં કારતક સુદ પૂનમના દિવસે ધંધુકામાં એક મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. પિતાનું નામ ચાચ અને માતા નું નામ ચાહિણી હતું.

એમ કહેવાય છે કે એક વખત ધંધુકામાં દેવચંદ્ર સૂરિ પધારેલા. તે વખતે ચાહિણી એમના દર્શનાર્થે જાય છે. ત્યારે દેવચંદ્ર સૂરિ એ આશીર્વાદ આપ્યા કે તું એક રત્ન ચિંતામણી જેવા બાળકને જન્મ આપીશ. ફરી જ્યારે કેટલાક વર્ષે દેવચંદ્ર સૂરિ પરત ફરે છે ત્યારે, દર્શનાર્થે ગયેલી ચાહિણીની સાથે પાંચ વર્ષનો પુત્ર ચંગ સાથે જાય છે અને મહારાજની પાટે એમની પાસે બેસી જાય છે. ત્યારે દેવચંદ્ર સૂરિ એ કહ્યું "આ બાળક એક મહાન આચાર્ય બનશે."

બાળક ચંગ ને દેવચંદ્રસૂરિ દ્વારા ખંભાત મુકામે જૈન સાધુ તરીકેની દીક્ષા આપી. એનું નામ " સોમચંદ્ર' રાખવામાં આવ્યું. નાના સોમચંદ્ર એ ત્યાર પછી સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનો અભ્યાસ કર્યો. સાથે સાથે વ્યાકરણ, કાવ્યાલંકાર, યોગ, ન્યાય, ઈતિહાસ, પુરાણ, તત્વજ્ઞાન વગેરે ભિન્ન ભિન્ન ભાષાઓનો પણ ઊંડો અભ્યાસ કર્યો. ત્યારે ગુરુને લાગ્યું સોમચંદ્રની દ્રષ્ટિનો ઘણો વિકાસ થયો છે. એમની તેજસ્વીતા વધતી જ ચાલી છે. એટલે તેમને પોતાની જગ્યાએ આચાર્ય પદે સોમચંદ્રને બેસાડવાનો નિર્ણય કર્યો અને વિક્રમ સંવત 1166 માં સોમચંદ્રને 21 મે વર્ષે ખંભાતમાં વિધિપૂર્વક આચાર્ય પદે સ્થાપ્યા અને એમનું નામ પાડવામાં આવ્યું હેમચંદ્ર.

**હેમચંદ્રાચાર્ય અને સિધ્ધરાજ :-**

જૈન સાધુ માટે વિહાર આવશ્યક છે. હેમચંદ્રાચાર્ય વિહાર કરતાં કરતાં પાટણ આવી પહોંચે છે. તે સમયે પાટણમાં સિદ્ધરાજ જયસિંહનું રાજ્ય હતું. સિધ્ધરાજને હેમચંદ્રાચાર્યની પ્રતિભા નો પરિચય થાય છે અને એટલે જ સિધ્ધરાજ પોતાના દરબારમાં હેમચંદ્રાચાર્યને ઉચ્ચ સ્થાન આપે છે.

સિધ્ધરાજ માળવા પર ચડાઈ કરી જીત મેળવી માળવાથી અઢળક સંપત્તિ ગુજરાતમાં લાવે છે. એમાં રાજભંડારમાંથી પ્રાપ્ત થયેલા ગ્રંથોમાં માલવપતિ ભોજરાજ નું બનાવેલ 'ભોજવ્યાકરણ' નામનો ગ્રંથ પણ હતો. આ સમયે ગુજરાતના પોતાનો કહી શકાય તેવો વ્યાકરણનો ગ્રંથ હતો નહીં. સિધ્ધરાજ ને થયું આપણે બહારથી વ્યાકરણનો આધાર લેવો પડે છે. આપણે આવો ગ્રંથ બનાવવો જોઈએ. સિધ્ધરાજે આચાર્યશ્રીની વિધ્વતા જોઈ રાજ્યસભા વચ્ચે આચાર્યશ્રીને વિનંતી કરી.

"यशो मम त्वच्यातीम, पुण्य च भूनिनायम।

विश्वलोकोपकाराय कुरु व्याकरण व्याकरण नयम ।"

અર્થાત, હે મુનીશ્વર નવા વ્યાકરણની રચના કરો, એથી મને યશ મળશે અને તમને ખ્યાતિ મળશે અને સમગ્ર લોકના ઉપહાર નું પુણ્ય થશે.

આ વ્યાકરણ ગ્રંથ રચવા માટે સિધ્ધરાજે હિન્દના બીજા પ્રદેશોમાંથી ભિન્ન ભિન્ન વ્યાકરણની પ્રતો મંગાવી આપી એનો સતત ઊંડો અભ્યાસ કરી હેમચંદ્રાચાર્ય એક ઉત્તમ વ્યાકરણની રચના કરી. સિધ્ધરાજના વિચારોથી અને વિનંતીથી એ લખાયું માટે એની યાદગીરી રહે એટલા માટે એમને વ્યાકરણ ગ્રંથનું નામ 'સિદ્ધહેમ- શબ્દાનુશાસન' આપ્યું. એવું કહેવાય છે સિધ્ધરાજ જયસિંહ એ પોતાના હાથી પર સોનાની અંબાણીમાં આ વ્યાકરણ ગ્રંથને પધરાવી પાટણના રાજમાર્ગ પર શોભાયાત્રા કાઢી હતી. જેમાં આગળના ભાગે આચાર્યની સાથે સિધ્ધરાજ પણ પગે ચાલતો હતો. આ એક વિદ્યા વ્યસંગી રાજવી હતો એનો આ પુરાવો છે.

સિધ્ધરાજ હેમચંદ્રાચાર્યની પ્રતિભાથી એટલા બધા પ્રભાવિત થયા કે હેમચંદ્રાચાર્ય સિધ્ધરાજ ના મિત્ર અને માર્ગદર્શક બને છે. એના પરિણામે સિધ્ધરાજનો જૈન ધર્મ પ્રત્યેનો અનુરાગ વધ્યો. સિધ્ધરાજ હેમચંદ્રાચાર્ય સાથે જૈન દેરાસરમાં દર્શન કરવા જતા અને હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજ સાથે સોમનાથ ની યાત્રાએ જતા. આમ સિદ્ધરાજને સર્વ ધર્મ સમન્વયનું મહાત્મય સમજાવનાર પણ હેમચંદ્રાચાર્ય હતા. દરેક ધર્મમાં કંઈક અવનવું રહસ્ય સમાયેલું છે અને દરેક ધર્મ સરખા છે એવું હેમચંદ્રાચાર્ય માનતા હતા, અને એ પ્રમાણે સિધ્ધરાજને પણ માનતા કર્યા હતા.

સિધ્ધરાજ એક ઉદાર મતવાદી રાજા હતો. તે એક શૈવપંથી રાજવી હતો છતાં દરેક ધર્મ સરખા માનતો. ગુજરાતના વિકાસમાં અને વિદ્યાના પ્રચાર પ્રસારમાં ધર્મ ક્યાંય નડતરરૂપ નીવડ્યો નથી. આમ હેમચંદ્રાચાર્યના પ્રભાવથી સિધ્ધરાજે ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરી છે.

**હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ :-**

સિધ્ધરાજ જયસિંહ સંવત 1199 માં નિ:સંતાન મૃત્યુ પામ્યો. સિદ્ધરાજ પછી એનો ભત્રીજો કુમારપાળ ગાદીએ આવે એવું સિધ્ધરાજ ઈચ્છતા ન હતા. પરંતુ હેમચંદ્રાચાર્ય કુમારપાળને પાટણની ગાદીએ બેસાડવા ઈચ્છતા હતા. હેમચંદ્રાચાર્યએ પોતાની દીર્ઘદ્રષ્ટિથી બંને સાથે સંબંધો જાળવી રાખ્યા અને અંતે પાટણની ગાદી ઉપર કુમારપાળ આવે છે.

કુમારપાળ સિધ્ધરાજ નો ભત્રીજો હતો. બંને વચ્ચે વૈમનસ્ય હતું બંને સામ-સામા પૂર્વ પશ્ચિમ મહારથીઓ હતા. કુમારપાળ સાથેની પ્રથમ મુલાકાત વખતે જ હેમચંદ્રાચાર્યએ ભવિષ્ય ભાખેલું કે "આ એક મોટો સમ્રાટ થશે અને જૈન શાસનની પણ ઉન્નતી કરશે." સિધ્ધરાજ અને કુમારપાળને બનતું ન હોવાથી સિધ્ધરાજે તેના માણસોને મોકલી કુમારપાળને મારી નાખવાની યોજના ઘડી હતી. સિધ્ધરાજના સૈનિકોથી બચવા કુમારપાળે ખૂબ રઝળપાટ કરી હતી અને આવા સમયે હેમચંદ્રાચાર્યએ માનવતાથી પ્રેરાઈને કુમારપાળને ઉપાશ્રયમાં પોતાની તાડપત્રી નીચે સંતાડી દીધો હતો. આ ઉપકારને કુમાર પર ભૂલ્યા ન હતા.

સિધ્ધરાજ ના મરણ પછી 50 વર્ષની વયે કુમારપાળ ગાદી પર આવે છે. તે કુશળ રાજવી હતો. શરૂઆતના પંદરેક વર્ષ રાજયને સ્થિર કરવામાં અને વિસ્તારવામાં ગયા, ત્યાર પછી ગુરૂ હેમચંદ્રાચાર્ય ની ઈચ્છા અનુસાર વર્તવાનું શરૂ કર્યું તે વિદ્યા પ્રેમી અને ધર્મનુંરાગી હતો આ ઉપરાંત હેમચંદ્રાચાર્ય ની ઈચ્છા અનુસાર તેમના પ્રભાવથી રાજ્યમાં પશુવધ, જુગાર, શિકાર, માસ ભક્ષણ, દારૂ, પરસ્ત્રીગમન વગેરે ઉપર કુમારપાળે પ્રતિબંધ ફરમાવ્યો. આ ઉપરાંત રાજ્યમાં ચાલતી બલિદાન પ્રથા અને અપુત્રિકા ધનનો રિવાજ બંધ કરાવ્યો હતો. આમ રાજ્યમાં સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ, અહિંસા, સદાચાર જેવા સદગુણોનો પ્રચાર અને પ્રસાર કર્યો હતો. કુમારપાળે પોતાનો મૂળ ધર્મ શૈવધર્મ છોડી જૈન ધર્મનું અવલંબન સ્વીકાર્યું કે કેમ એ બાબત વિવાદાસ્પદ છે પરંતુ એટલું તો ચોક્કસ છે કે હેમચંદ્રાચાર્યના પ્રભાવથી જૈન ધર્મના અનુરાગ ને લીધે ઠેર ઠેર જૈન મંદિરો બંધાવ્યા હતા. કુમારપાળની જૈન ધર્મમાં નિષ્ઠા જોઈ જૈન ધર્મનો સંકુચિત અનુયાયી બની ન જાય એ માટે હેમચંદ્રાચાર્ય કુમારપાળ પાસે સર્વસાધારણ નૈતિક કાર્યો કરવા અને કરાવવાની ઉદાર ભાવના અને વિશાળ દ્રષ્ટિ રાખી હતી.

આમ સિધ્ધરાજ ના સમયમાં પ્રગટેલી ગુજરાતની મહત્તાને કુમારપાળે જાળવી રાખી. એટલું જ નહીં પણ વિસ્તૃત કરી એ બાબતમાં હેમચંદ્રાચાર્યની પ્રેરણાનો દાવો નાનો સુનો નથી સિધ્ધરાજની જેમ કુમારપાળને પણ પુત્ર ન હોવાથી જિંદગીના છેલ્લા વર્ષોમાં હેમચંદ્રાચાર્યએ યોગશાસ્ત્રની રચના કરી કુમારપાળને સમજ આપી હતી.

હેમચંદ્રાચાર્યના પ્રભાવથી બંને રાજવીઓ સિદ્ધરાજ અને કુમારપાળનો શાસનકાળ સાચાઅર્થમાં 'હેમયુગ' હતો. આ યુગ જ 'સુવર્ણયુગ ' હતો રાજકીય કાવાદાવાથી પર રહી ખૂનામરકી કર્યા વગર બે વિરોધી રાજવીઓ સાથે સુમેળ રાખનાર આ યુગપુરુષ એક વિરલ વિરાટ વિભૂતિ હતા.